
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૪
અંક ૧૦

શ્રાવણ
સં. ૨૦૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. જીવનમાં એક વિરોધાભાસ | ( મધુકર ) | ૧૫૩ |
| ૨. પર્વાધિરાજ પર્યૂષણપર્વ | ( આત્માનંદી | ૧૫૪ |
| ૩. એમાં છૂટકો નથી | ( મોહનલાલ ચુ. ધામી ) | ૧૫૫ |
| ૪. સ્વાશ્રયી બનો : ૩ | ( અનુ૦ વિઠલદાસ મૂ. શાહ ) | ૧૫૮ |
| ૫. ભગવંતમુખે ચઢેલ સ્ત્રીરત્ન : ૩ | શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૧૬૦ |
| ૬. પર્યુષણના અંગની એક અપૂર્વ ક્રિયા | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૬૩ |
| ૭. ધર્મકૌશલ્ય : (૨) | ( સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા ) | ૧૬૫ |
| ૮. સત્તરભેદી પૂજા-સાર્થ | ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૧૬૭ |


## સ્વ. ભાઇશ્રી દુર્લભદાસ જગજીવનદાસ

મૂળે ભાવનગરના વતની અને ધંધાર્થે વર્ષોથી મુંબઇ રહેતા ભાઇશ્રી દુર્લભદાસ જગજીવનદાસ ભાવનગરમાં અશાડ વદ ૧૧ ના રોજ અઠ્ઠાવન વર્ષની વયે હાર્ટફેલથી અચાનક સ્વર્ગવાસી થયા છે. તેઓ મિલનસાર સ્વભાવના અને સાહસિકવૃત્તિના હતા. આપણી સભાના વર્ષોથી આજીવન સભાસદ હતા. અને સભાની પ્રવૃત્તિમાં સારો રસ અને પ્રેમ ધરાવતા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ આપત્તિ પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.


# સભામાં મળતાં સંસ્કૃત પુસ્તકો

આ વિભાગના નીચેના સાત નંબર સુધીના ગ્રંથો સ્ટોકમાં ન હતા, પરંતુ તેની ખાસ માગ આવવાથી સ્પેશીયલ સ્ટોકમાં હતા તેમાંથી અમુક કોપી વેચાણ માટે કાઢવામાં આવેલ છે જે સ્ટોકમાં હશે ત્યાંસુધી જ ખાસ કેસ તરીકે સાડાબાર ટકાના કમીશનથી આપવામાં આવશે તો આ તકનો તરત લાભ લેવા વિનંતિ છે.

૧ **वसुदेव हिन्डी :** [ પ્રથમ અંશ ] ૭-૦-૦
૨ **वसुदेव हिन्डी :** [ દ્વિતીય અંશ ] ૭-૦-૦
[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]
૩ **आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त — कर्मग्रंथ भा. १ लो** [ એકથી ચાર ] ૬-૦-૦
૪ ,, **भा. २ जो** [ પાંચ અને છ ] ૬-૦-૦
[ બન્ને ભાગ સાથે જ આપવામાં આવશે ]
૫ **बृहत् कल्पसूत्र भा. २-३-४-५-६** [ દરેકના ] ૨-૦-૦
૬ **कथारत्नकोष-मूळ मागधी** [ ગ્લેઝ ] ૮-૦-૦
૭ ,, ,, [ લેઝર ] ૧૦-૦-૦
૯ **चंद्रलेखा** [ પ્રતાકારે ] ભેટ
૧૦ **जैनमेघदूत** ૨-૦-૦
૧૧ **सूक्त रत्नावली** ૦-૪-૦
૧૨ **सूक्त मुक्तावली** ૦-૪-૦
૧૩ **प्रकरण संग्रह** [ પ્રતાકારે ] જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે ] ૦-૮-૦
૧૪ **त्रिषष्टी पर्व भा. १ लो** મૂળ [ સંસ્કૃત ] ૬-૦-૦
૧૫ ,, **भा. २ जो** ,, ,, ૮-૦-૦
૧૬ ,, ,, [ પ્રતાકારે ] ૧૦-૦-૦

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : શ્રાવણ [ અંક ૧૦

# જીવનમાં એક વિરોધાભાસ

એક વિરોધાભાસ જીવનમાં ઘણી વાર નજરે નથી ચડતો? દુનિયામાં જુવાન માણસો ઘણા હોય છે, પણ તેમનામાં જુવાની ઝાઝી હોતી નથી. એ માણસો જુવાનીનાં ખંડેર હોય છે. જિંદગીના ગુનેગારો હોય છે. બીજે પક્ષે અનેક વયોવૃદ્ધો, પ્રૌઢો ઉમળકાભેર હમેશ જુવાની જ માણતા હોય છે. એમના ચહેરા ઉપર સુરખી હોય છે, એમની બોલીમાં કામણ હોય છે, એમની ચાલમાં જોમ હોય છે. એક સ્ફુર્તિ, દીપ્તિથી એમની આખી કાયા તાંબાવરણી લાગે છે, ચેતનમય લાગે છે; જોનારને જાણે એમ જ જણાય કે યૌવનનો કાળ, પોતાના જવાનો સમય થતાં નીકળી તો ચૂકયો, પણ બીજે કોઈ આડે માર્ગે ફંટાઇને પાછો અહિં જ ઠરીઠામ થવા આવી પહોંચ્યો છે. આવા માનવીઓ ચિરયૌવનશાળી હોય છે. યૌવનને એમણે 'પાઘડીના આંટામાં' પૂરી રાખ્યું હોય છે. આવા માનવીઓના જીવનની વસંત એવી સમૃધ્ધ હોય છે, એવી અક્ષય હોય છે કે સમગ્ર જીવનમાં એમને વસન્ત જ વસન્ત હોય છે.

માણસનું વય એની પોતાની ઉમ્મર વિશેની એની વ્યકિતગત લાગણી પર આધાર રાખે છે. ઉમ્મર એ કેવલ વર્ષોનો સરવાળો નથી. હા, ભૌતિક અર્થમાં એમ હશે, પણ લાગણીની દુનિયામાં એ કોઈ જુદી જ વસ્તુ છે. વર્તમાનને આપણી તકલાદી જીવનરીતિ જો વણસાડે નહિ તો આપણી દૃષ્ટિ ઉલ્લાસભરી જ રહે, છતાં આ તો સત્ય છે કે સ્થૂળ ઉમ્મરને સૂક્ષ્મ આંતર સંચાલન સાથે કાંઇ નિસબત નથી. યૌવને સીંચેલી જીવનકયારીમાં, ઉત્તરાવસ્થામાં જ રૂપ, રંગ ને સુવાસથી સભર પુષ્પો ખીલે છે. યૌવન ભલે ખાલી હાથ રહે, પણ આ ઊતરતી અવસ્થાના હાથમાં તો આ પુષ્પછાબ છે જ, અને એ પ્રભાવ જીવનની વસન્તનો જ.

મધુકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વાધિરાજ પર્યૂષણ પર્વ

હરિગીત

પર્વાધિરાજ ગણાય આ પર્યૂષણા સત્ શાસ્ત્રથી,
અષ્ટાહ્નિકા ઉત્સવ કરો ઉત્કૃષ્ટ આત્મિક ભાવથી;
તપ જપ અને જિનરાજ–પૂજા કલ્પસૂત્ર શ્રવણ યથા,
ત્રિવિધ ધર્મ પ્રભાવના વાત્સલ્ય સ્વામીનું તથા. ૧

ઉદ્‌ઘોષણા જ અમારીની પ્રતિક્રમણ વાર્ષિક નેમથી,
મન વચન કાયથકી કરો ગુરુ સાથ ધાર્મિક પ્રેમથી;
મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય ભાવ વિચારતા,
પ્રાણી સકળ છે આત્મવત્ સ્યાદ્વાદ દૃષ્ટિ સ્થાપતા. ૨

દુષ્કૃત્ય મિથ્યા આપણા ગત વર્ષના એ રીતથી,
કરો યે પરસ્પર ભ્રાત હે! આત્મિક સહ સ્વભાવથી;
પર્યુષણા યે વિધથી આરાધજો ભવિજન તમે,
ઉપદેશ '**આત્માનંદ**'નો રસપાન અમૃત સમ ગમે. ૩

## ક્ષમાપના

મનથી તથા તનથી વચનથી વેર જે બાંધ્યું ખરે,
હા, હા, ખમાવું હું ખમીને પાપને ખમજો અરે;
વીતરાગ વાણીમાં ધરી અનુરાગ આ દીલ ઉચ્ચરે,
રજ માત્ર દીલ કો ના દુભવશો મુજ થકી કો અવસરે.

આત્માનંદી

★

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એમાં છૂટકો નથી !

લેખક: મોહનલાલ ચુ. ધામી

કળા હોય, ઉદ્યોગ હોય, બુદ્ધિ હોય કે વિદ્યા હોય પરંતુ કરેલા કર્મ કોઇપણ ઉપાયે ભોગવવાં જ પડે છે.....ભોગવ્યા વગર ચાલતું નથી–ચાલે પણ નહિં.

અને કર્મ અમુક નિશ્ચિત સ્થળે જ નડે છે એમ પણ નથી. વિશ્વના કોઇ પણ દેશમાં, પ્રદેશમાં, નગરમાં કે સ્થળમાં કોઇ પણ જીવને પોતાનાં કરેલાં કર્મ ભોગવવાં જ પડે છે.

કોઈ મંત્ર, કોઇ જાદુ, કોઈ આશીર્વાદ કે કોઇ કરામત કર્મને ભોગવ્યા વગર નિવૃત્ત કરી શકે એ બન્યું નથી–બની શકે નહિં.

ગોદાવરી નદીના કિનારે એક સુંદર નગરી હતી. એનું નામ પણ મનોહર હતું–પ્રતિષ્ઠાનપુર.

એ નગરીમાં અનેક ધનાઢય પરિવાર વસતા હતા, અનેક વિદ્યાવાન અને કલાકાર પણ વસતા હતા.

વિષ્ણુશર્મા નામનો એક બ્રાહ્મણ પોતાની પતિવ્રતા પત્ની શીલવતી સાથે એ નગરીમાં રહેતો હતો, પરંતુ કર્મના પ્રભાવે તેનું દારિદ્ર કોઇપણ ઉપાયે નિવૃત્ત થતું નહોતું.

વિષ્ણુશર્મા પંડિત હતો, વિદ્યાવાન હતો અને ઉત્તમ કલાકાર પણ હતો...પરંતુ પોતાનું ઉદરપોષણ માંડ માંડ માગી–ભીખીને કરી શકતો હતો.

અને કર્મ સંયોગે તેને ત્યાં એક પછી એક એમ સાત કન્યાઓ જન્મી. ઘર ભરાઇ ગયું. દારિદ્રનું અટ્ટહાસ્ય પણ વધારે ક્રૂર બન્યું.

દારિદ્ર જ્યારે ક્રૂર બને છે ત્યારે માનવીની બુદ્ધિ, કલા, વિદ્યા, ચાતુરી વગેરે જાણ્યે નિષ્પ્રભ બની જાય છે. વિષ્ણુશર્માનું પણ એમ જ બન્યું.

એક દિવસ દારિદ્રના પરિતાપથી પરેશાન બની ચૂકેલી શીલવતીએ સ્વામીને કહ્યું. "સ્વામી, સંસારમાં ઉદ્યમ વગર લક્ષ્મી મળતી નથી. આપણે બે જણુ હતાં ત્યારે માગી–ભીખીને ઉદરતૃપ્તિ કરતાં હતાં, પરંતુ ઘરમાં સાત સાત કન્યાઓ છે. કન્યાઓને પરણાવવી પડશે. પારકે ઘરે મોકલવી પડશે અને એ માટે ધન વગર કશું બની શકશે નહિ, તો આપ ગમે તેમ કરીને ધનપ્રાપ્તિનો પુરુષાર્થ કરો. આમ ઘરનો ઓટલો પકડીને બેસી રહેશો તો આપણા જીવનનો પરિતાપ કદી ઓછો નહી થાય; માટે આપ અન્ય પ્રદેશમાં જાઓ અને લક્ષ્મી પ્રાપ્ત કરીને આવો."

પત્નીની વાત સાચી હતી, સાત સાત કન્યાઓનો પ્રશ્ન નાનોસૂનો હતો નહિ, વિષ્ણુશર્માએ પત્નીની વાતમાંથી પ્રેરણા ઝીલી અને તે એક શુભ દિવસે ધનપ્રાપ્તિ અર્થે વિદાય થયો.

ઘર છોડવાથી અથવા અન્યત્ર જવાથી કર્મ પોતાની ગતિ જરાયે મંદ કરતાં નથી. વિષ્ણુશર્માની સાથે જ એના કર્મ પણ ચાલતાં હતાં.

નાના મોટા અનેક નગરોમાં, પ્રદેશોમાં વિષ્ણુશર્મા ધનપ્રાપ્તિ અર્થે ભટકવા માંડયો.

દિવસો નહીં પણ મહિનાઓ વિદાય લેવા માંડયા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ વિષ્ણુશર્માને ધન ન મળ્યું. શ્રીમંતોને ત્યાં, રાજાઓને ત્યાં અને ધનાઢ્ય સાર્થવાહોને ત્યાં જઇને તે તેઓના કાવ્ય બનાવીને કથતો, લોકો એની શક્તિની પ્રશંસા કરતા અને એને મળતું કેવળ ઉદરપોષણ.

આવી પરિસ્થિતિમાં લગભગ બે વરસ ચાલ્યાં ગયાં... વિષ્ણુશર્મા થાકી ગયો... થાકીને ક્ષોભ થઈ ગયો. પત્ની પાસે શું લઇને જવું? કયા મોઢે જવું?

વિષ્ણુશર્માએ મનથી દૃઢ નિશ્ચય કર્યો કે ધન પ્રાપ્ત કર્યા વગર ઘેર જવું જ નહિં.

પરંતુ તે વિદ્યાવાન હોવા છતાં એ ન સમજી શકયો કે અર્થ અને કામની પ્રાપ્તિ કેવળ પુરુષાર્થથી થતી નથી... કર્મનો-ભાગ્યનો ઉદય જરૂરી હોય છે.

રઝળપાટ કરી રહેલા વિષ્ણુશર્માને ધનપ્રાપ્તિનો એક માર્ગ મળી ગયો. એક વયોવૃદ્ધ મહાત્મા આગળ તેણે પોતાના જીવનની કહાણી કહી. મહાત્માએ કહ્યું: "વત્સ, ભાગ્ય વગર ધનની પ્રાપ્તિ થવી અશકય છે, પરંતુ તારું દારિદ્ર ભારે કરુણાજનક છે. તું સાગર વચ્ચે આવેલા રત્નદ્વીપમાં જા અને ત્યાં રત્નદ્વીપની અધિષ્ઠાત્રીને તપવડે પ્રસન્ન કર... તારું દારિદ્ર એ વગર દૂર નહિં થાય."

**આશા!**

માનવીને આશાનો રંગ નવી ચેતના આપે છે, વિષ્ણુશર્મા નવી ચેતના સાથે રત્નદ્વીપ જવા ઉપડ્યો; અને તેને એક પ્રવહણ (જળયાન) પણ મળી ગયું. બે મહિનાની સાગરવાટના અંતે તે રત્નદ્વીપ પહોંચ્યો.

વિષ્ણુશર્માના અંતરમાં આશાનો આનંદ ઉભરાતો હતો. તેણે અધિષ્ઠાત્રી દેવીનું મંદિર શોધી કાઢયું અને દેવીને પ્રસન્ન કરવા અન્નજળનો ત્યાગ કરી એકાગ્ર ચિત્તે દેવીની મૂર્તિ સામે ધ્યાન લગાવીને બેસી ગયો.

એક દિવસ ગયો...પાંચ દિવસ ગયા...પંદર ગયા અને...એકવીસમા દિવસે દેવી ખળભળી ઉઠયાં.. પ્રગટ થયાં અને બોલ્યા: "વત્સ, પૂર્વભવમાં તેં કેવળ કૃપણતા દાખવી છે. કોઇનું કલ્યાણ પણ કર્યું નથી. તને હું લક્ષ્મી આપી શકીશ નહિં."

દેવીના આવા શબ્દો સાંભળીને કૃતનિશ્ચયી બનેલો વિષ્ણુશર્મા બે હાથ જોડીને બોલ્યો; "દેવી, હું મારી મનોકામના પૂર્ણ કર્યા વગર અહીંથી ખસવાનો નથી. સ્વર્ગનાં કલ્પવૃક્ષો કે જે જડ સમાન હોય છે તે પણ માનવીને પ્રચુર સંપત્તિ આપી શકે છે. તમે તો સચેતન છો, કૃપા વરસાવનારાં છો અને અનેકના દારિદ્ર દૂર કરીને આપે વિશ્વમાં વિખ્યાતિ મેળવી છે. આપ મને ચિંતામણી રત્ન આપો; જો નહિં આપો તો હું અહિં જ મૃત્યુને વરીશ."

દેવી કશો ઉત્તર આપ્યા વગર અંતર્ધ્યાન થઇ ગયાં.

વિષ્ણુશર્માએ એ જ પળે પોતાની ભેટમાંથી કટાર કાઢી અને પોતાનું મસ્તક વધેરવા તૈયાર થયો.

એની ગરદન પર કટાર પડે તે પહેલાં જ દેવી ફરીવાર પ્રગટ થયા. અને બોલ્યાં: "તારા દૃઢ નિશ્ચય પર હું પ્રસન્ન થાઉં છું, લે આ ચિંતામણી રત્ન."

કહી દેવીએ અતુલ સંપત્તિ આપી શકે તેવું ચિંતામણિ રત્ન વિષ્ણુશર્માને આપ્યું.

વિષ્ણુશર્માએ નમસ્કાર કરીને ચિંતામણિ રત્ન સ્વીકાર્યું. દેવી અદૃશ્ય થઇ ગયા.

વિષ્ણુશર્મા પોતાને નગર આવવા વિદાય થયો.

સાગરની સફર શરૂ થઇ અને સાગરમાં પૂર્ણિમાની રાત્રિ પ્રગટી. સોળે કળાએ ચંદ્ર ખીલી ઉઠયો.

સાગરના અગાધ જળ અને વાદળવિહોણો પૂર્ણ ચંદ્ર! પ્રકૃતિનું કોઇ મનોરમ કાવ્ય જાણે જીવંત બની ચૂકયું હતું.

વહાણના તુતક પર પ્રકૃતિની શોભા નિહાળી રહેલા વિષ્ણુશર્માએ ભાવિ જીવનનાં અનેક તરંગો રચવા માંડ્યા હતા. તેને એક વિચાર આવ્યો....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકાશમાં બિરાજતા ચંદ્રનું તેજ વધે કે મારા ચિંતામણી રત્નનું તેજ વધે."

વિચારમાંથી કુતૂહલ જન્મે છે અને પછી....

વિષ્ણુશર્માએ પોતાની ભેટમાં જીવ માફક જાળવી રાખેલું ચિંતામણિ રત્ન બહાર કાઢી હથેળીમાં મૂક્યું.

ઓહ કેટલું તેજ? ચંદ્રનો પ્રકાશ પણ ઝાંખો પડે છે!

વિષ્ણુશર્મા ઘડિક ચંદ્ર સામે ને ઘડિક હાથમાંનાં રત્ન સામે જોવા માંડયો.

અને એક વિરાટ મોજાંના કારણે વહાણ ડોલી ઉઠયું.

હાથમાંનું રત્ન એ જ પળે ઊડીને અગાધ સાગરમાં જઈ પડયું.

વિષ્ણુશર્મા અવાક્ બની ગયો. એના તમામ આશા-તરંગો સાગરમાં ગરક થઇ ગયા. દેવીના શબ્દો એને યાદ આવ્યા: "પૂર્વભવમાં તેં કોઇનું કલ્યાણ કર્યું નથી!"

ઓહ્ !

કર્મના પ્રભાવ આગળ તપ, પુરુષાર્થ અને સિદ્ધિનો શો હિસાબ છે?

ખરેખર કર્મનો પ્રભાવ જીવ માત્રને ભોગવવો જ પડે છે,...

એમાં છૂટકો નથી. એ પ્રભાવથી દૂર રહી શકાય એવો કોઇ માર્ગ પણ નથી.

રાજા હોય કે રંક હોય, કલાવાન હોય કે મૂર્ખ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, માનવી હોય કે દેવ હોય... કરેલાં કર્મ ભોગવવાં જ પડે છે...! ભોગવવાં જ પડે છે!

शान्तितुल्यं तपो नास्ति न संतोषात्परं सुखं ।
न तृष्णायाः परो व्याधिर्न च धर्मो दयापरः ॥

(વસંતતિલકા)

શાન્તિ સમાન તપ આ જગમાં ન દેખું,
સંતોષથી અધિક સુખ ન અન્ય લેખું;
તૃષ્ણા સમો અવર વ્યાધિ ન દુઃખદાયી,
સદ્ધર્મ અન્ય ન દયાથકી કોઇ ભાઇ.

× × ×

अधिकारपदं प्राप्य नोपकारं करोति यः ।
अकारं निर्गतं तस्य धिक्कारं स समाप्नुयात् ॥

(દોહરો)

અધિકારપદ પામીને, ન કરે જે ઉપકાર;
"અ"કાર તેનો દૂર થઇ, પામે તે ધિક્કાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાશ્રયી બનો

(૩) અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૧૨૭ થી ચાલુ )

જ્યારે આપણુને લાગે છે કે આપણુને કોઈ બાહ્ય સહાય મળી શકે એમ નથી, આપણા પોતાના ઉદ્યમથી આપણે ઉચ્ચગામી થવાનું છે, દુનિયામાં આપણે આપણો પોતાનો માર્ગ કરવાનો, અથવા નિષ્ફળતાનું કલંક વહોરવાનું છે, ત્યારે સ્વાભાવિક રીતે જ આપણે જે ઉદ્યમ અને પ્રયાસ કરવા માંડીએ છીએ, તેવો અન્ય કોઇપણ સમયે કરતા નથી, એ માન્યતા નિર્વિવાદ છે. બાહ્ય મદદ વગર કેવળ પોતાનાં જ સાધનો ઉપર અવલંબી રહેવાની સ્થિતિમાં એવું કંઇક છે કે જે વડે મનુષ્યમાં રહેલી કોઇ ભવ્ય અને દિવ્ય વસ્તુનું પ્રગટીકરણ થાય છે. અને પ્રયત્નનો જે કંઇ અવશિષ્ટ ભાગ હોય છે તે બહાર પડે છે. જેવી રીતે મહાન્ આપત્તિના પ્રસંગે સ્વપ્નમાં પણ અનનુભૂત અને અપ્રાપ્ત શક્તિનો મનુષ્ય આવિર્ભાવ કરે છે, તેવી રીતે કોઇ પણ સ્થળેથી કોઇ શક્તિ તેની મદદે આવી પહોંચે છે, આપત્તિનો પ્રસંગ ઉપસ્થિત થયા વગર જ કાર્યો કરવાને તે રાક્ષસી બળ ધરાવે છે, એમ તેને લાગે છે. ધારો કે કોઈ મનુષ્યની જિંદગી જોખમમાં છે. જે ભાંગી ગયેલ ગાડીમાં બેઠા છે, તેને કદાચ આગ લાગે. આવી સ્થિતિમાં જો તે પડ્યો રહે તો તેનું મૃત્યુ થાય તેમ છે. આવા અણીના સમયે તેણે કંઇપણ કરવું જોઇએ. જેમ ભયમાં આવી પડેલા બાળકને જોઇને એક અશક્ત માતાની બાબતમાં બને છે તેમ જે શક્તિનો પ્રાદુર્ભાવ માત્ર કટોકટીને પ્રસંગે થાય છે તે શક્તિ–તે બળ તેનામાં આવે છે અને પોતાને કોઈ અપૂર્વ અને અપ્રતિમ શક્તિની સંપ્રાપ્તિ થઈ છે એમ તે દૃઢતાપૂર્વક માને છે.

પોતાની અંગત જરૂરિયાતો પૂરી પાડવાને જો માણસ પ્રયાસ અથવા ઉદ્યમ કરતો નથી તો તેનામાં અને પશુમાં લેશ પણ તફાવત જોવામાં આવતો નથી. તંગી અથવા જરૂરિયાત મહાન્ વિકાસ કરનાર છે. જરૂરિયાતરૂપી પ્રોત્સાહનથી જ મનુષ્ય જાતિસુધારાના ઉચ્ચ શિખર પર આરૂઢ થયેલ છે. દુઃખપીડિત અને ક્ષુધાર્ત બાળકોના ફિક્કા પડી ગયેલા ચહેરા પ્રોત્સાહિત થઇને મહાન્ શોધકો પોતાના અસ્તિત્વના ઊંડામાં ઊંડા પ્રદેશમાં વિચર્યા કરે છે. અને અમાપ શક્તિની પ્રાપ્તિથી તેઓએ અદ્‌ભુત ચમત્કારોભરી શોધો કરી બતાવી છે, એ આપણા વાંચવામાં તેમજ જાણવામાં અનેક વખત આવ્યું છે. તંગી અથવા જરૂરિયાતના દબાણથી ઉત્તેજિત થયેલા મનુષ્યને કોઇપણ વસ્તુ અપ્રાપ્ત નથી. જ્યાં સુધી આપણે કસોટીએ ચઢ્યા હોતા નથી અને જ્યાં સુધી તે ગુહ્ય શક્તિ સામાન્ય સંજોગોમાં બહાર આવતી નથી તે શક્તિ કોઇ મહાન્ સંકટ સમયે પ્રકટ થતી નથી ત્યાં સુધી આપણને આપણા આંતરિક બળનું પણ ભાન થતું નથી. આ શક્તિ આપત્તિકાળે જ પ્રકટ થાય છે, કેમકે તે શક્તિ મેળવવા માટે આપણે અંતરમાં ઊંડા ઊતરવાની જરૂર છે. તે આપણને અગમ્ય અને અગોચર છે.

એક દિવસ એક બાળકે પોતાના પિતાને કહ્યું કે "મેં એક કાષ્ટ કુક્કુટને વૃક્ષ ઉપર બેઠેલો જોયો છે." પિતાએ જવાબ આપ્યો કે "તે વાત અસંભવિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; કેમ કે કાષ્ટ કુકકુટો વૃક્ષ પર ચડી શકતા નથી." બાળકે આગ્રહપૂર્વક જણાવ્યું કે "તેને મારી નાખવા આવેલા એક શ્વાનના પંજામાં સપડાય જવાની બીકથી તેને વૃક્ષ ઉપર ચડી જવું પડયું હતું. તે સિવાય તેને જિંદગી બચાવવાનો કશો માર્ગ ન હતો." આ પ્રમાણે જીવનમાં અનેક વખત આપણે અસંભવિત કાર્યો કરીએ છીએ તેનું કારણ એ જ કે આપણે તે કરવા પડે છે.

સ્વાશ્રયી માણસ મિત્રો, સબળ ઓળખાણ, મિલકત, પદવી અથવા કોઇપણ પ્રકારની સહાય વગર ચલાવી શકે છે, સ્વાશ્રયથી વિઘ્નો અથવા મુશ્કેલીયો દૂર કરી શકાય છે. પરાક્રમ ભરેલાં કાર્યો કરી શકાય છે, મહાન્ શોધખોળોની પૂર્ણતાએ પહોંચાય છે. આવું અન્ય માનુષી ગુણથી થવું અશકય છે. જે મનુષ્ય જગતમાં એકલો ઊભો રહી શકે છે, જેને મુશીબતોનો ડર નથી અને જેને પોતાની અંદર રહેલા કાર્ય કરવાના નૈસર્ગિક બળમાં સંપૂર્ણ દૃઢ શ્રદ્ધા છે તે જ માણસ પરિણામે વિજયી નીવડે છે એમાં જરા પણ સંદેહ નથી.

અનેક માણસોનું વજન લોકોમાં ઘણું ઓછું પડે છે તેનું એક કારણ એ છે કે તેઓ કાર્યો કરતાં ડરે છે અથવા તો તેઓને આત્મબળની પૂરેપૂરી ખાતરી હોતી નથી. તેનો પોતે વિચાર કરવાની અને અમુક નિશ્ચય પર આવવાની હિંમત કરી શકતા નથી. તેઓ પોતાના વિચારો પ્રકાશમાં મૂકવાની હિંમત કરે છે તે પહેલાં તેઓને ઉક્ત વિચારો સ્વીકાર્ય છે કે નહિ તે અન્ય લોકો દ્વારા જાણવા મથે છે, અને છેવટે વિચારો પ્રકાશમાં મૂકાયા પછી તમને એમ જ જણાય છે કે તેઓના વિચારો તમારા વિચારોનું પ્રતિબિંબ અથવા રૂપાંતર માત્ર છે.

મનુષ્યની પ્રકૃતિમાં જ એવું કંઈક ગૂઢ રહેલું છે કે જે વડે મનુષ્યોને સત્ય પર, સ્વતંત્રતાથી વિચારો કરનાર અને રજૂ કરનાર કર્તવ્યનિષ્ઠ અને પોતાના નિશ્ચયબળથી જ રહેવાને હિંમતવાન માણસો પર પ્રેમ ઊપજે છે.

જ્યાંસુધી આપણા વિચારો તેના જાણવામાં આવતા નથી ત્યાં સુધી બીજા લોકો વિરુદ્ધ પડશે અને તેઓને ખોટું લાગશે એવી બીકથી જે મનુષ્ય પોતાના આંતરિક વિચારો પ્રદર્શિત કરવાની હિંમત કરતો નથી તે તિરસ્કારને પાત્ર બને છે; પરંતુ પોતાના આસપાસના માણસોની સંકુચિત દૃષ્ટિની સીમા બહાર જે મનુષ્યનું નિશાન આવી રહેલું છે અને જેનામાં સ્વતંત્ર પોતાનો માર્ગ કરી લોકોની ટીકાની દરકાર કર્યા વગર કર્તવ્યપરાયણ રહેવાની હિંમત છે તે પુરુષ સત્કારને પાત્ર બને છે. આવા વિચક્ષણ પુરુષને હતાશ થવાનો કદી પણ પ્રસંગ આવતો નથી, કેમકે તે સારી રીતે સમજતો હોય છે કે માત્ર દીર્ઘદર્શી માણસોને જ તેનું નિશાન દેખાય છે; અને જો તે નિશાન વધારે દૂર રાખશે તો તે સ્થળ સુધી તેની આસપાસ રહેલા ઘણાખરા લોકોની દૃષ્ટિ પહોંચી શકશે નહિં.

જગતમાં મારું જીવન કોઇ મહાન્ સદ્દહેતુ માટે નિર્માયેલું છે, અન્ય લોકોને સહાયભૂત થવામાં મારે મારું જીવન વહન કરવાનું છે અને આ ભવ્ય જીવન-નાટ્યમાં સૌને પોતપોતાના નિયત કાર્યનું અનુષ્ઠાન કરવાનું હોવાથી મારું કાર્ય કોઇ બીજા માણસથી થઇ શકે તેમ નથી. આવું નિશ્ચયબળ, આવી દૃઢ મનોકામના એક પ્રકારના બલવર્ધક ઔષધસમાન છે. તમે તમારો નિયોગ બરોબર ભજવી શકતા નથી, તો એમ માનવું કે હજુ કંઇક વસ્તુની ન્યૂનતા છે. જ્યાં સુધી માણસને એમ લાગતું નથી કે અમુક મહાન્ સદ્દહેતુ સાધવાને અમુક ભૂમિકા ભજવવાને જગતની ચીત્રવિચિત્ર રંગભૂમિપર પોતાનું આગમન થયું છે. ત્યાં સુધી લોકોની દૃષ્ટિમાં તેની કશી ગણના થતી નથી; પરંતુ તેથી જ તેના હૃદયમાં આ સદ્દભાવનાનો સંચાર થાય છે કે તે જ ક્ષણે જીવનને કોઇ જુદો અને નવીન અર્થ-ઉદ્દેશ હોય તેમ તેને સ્પષ્ટપણે પ્રતીત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવંત મુખે ચઢેલ સ્રીરત્ન

લેખાંક : ૩

મોહનલાલ દી. ચોકસી

અહા ! શું રમણીય ઉદ્યાન છે ! લીલા કુંજાર વૃક્ષો, જુઇ, જાઇ, ગુલાબ, જાસુદ, ચંપા આદિ સુગંધીદાર પુષ્પો અને જાતજાતની વેલોથી વિંટાયેલ લતામંડપો તેમજ વિવિધ પ્રકારના ફળોવાળા ઝાડો અને અંતરાળે કળાકૃતિના અજોડ નમૂના સમા વિરામાસનો એ હરકોઈ વ્યક્તિના કલાન્ત ને શ્રમિત મગજને ક્ષણુવારમાં શાંત કરવાને પર્યાપ્ત છે. એમાં પણુ મધ્ય ભાગે ગોઠવેલ ફુવારો કે જે સતત જળરાશિના કણીઆ ચોતરફ ઉરાડે છે એથી વાતાવરણમાં અજબ મોહકતા પ્રસરી રહે છે.

ભાઇ વીરપાળ, આપણે અહીં પગ મૂકયો કે તરત જ મારું મન પ્રફુલ્લિત બની ગયું છે. જે ગુપ્ત માર્ગે થઇ આપણે અહીં આવી ગયા એ માટે મંત્રીશ્વર અભયની બુદ્ધિને જરૂર ધન્યવાદ ઘટે છે. એમાં જરુરી સ્થળે પ્રકાશ અને હવા આવવાના માર્ગો હોવા છતાં, ગુંગળામણુ ઓછી નહોતી થતી. જો એક પ્રેયસીના પાણિગ્રહણુનો પ્રસંગ ન હોત, તો હું હરગીજ આ સાહસ કરવા ન જ પ્રેરાત.

મહારાજ ! આ જીવસટોસટ દાવ એક રમણીને અર્થે આપે ખેલ્યો. એ ભલે વ્યાજબી હોય; બાકી મારું અંતર પોકારી રહ્યું છે કે મગધના સ્વામીને આ કરતાં પણ વધુ સારી રીતે રમણીઓના હાથ મેળવવા હોય તો ઘણા રસ્તા ઉઘાડા છે. આપને જામાતા તરીકે સ્વીકારવા સંખ્યાબંધ રાજવીઓ તૈયાર છે. ભારતવર્ષમાં મગધનું સામ્રાજ્ય અને એની કીર્તિ અજોડ છે એટલું જ નહીં પણ, એની યશગાથા દૂર દૂર સુધી ફેલાયેલી હોવાથી રાજગૃહીના બજારમાં જુદા જુદા પ્રદેશના વિવિધરંગી વસ્ત્રોથી શોભતા અને વિધ વિધપ્રકારી ભાષાઓ બોલતા, સંખ્યાબધ નરનારીઓ અહર્નિશ દૃષ્ટિગોચર થાય છે. આજે તો મગધેશ્વરો વા જગદીશ્વરો વા જેવું આપનું સ્થાન છે.

વીરપાળ, તારી વાત ખરી છે. આ જોખમી કાર્ય પાછળ માત્ર એક રમણી સહ પાણિગ્રહણુનો એકલો હેતુ નથી. એક પત્થરે બે ઘા કરવારૂપ એક બીજું પણુ કારણુ છે. વૈશાલીનું આ ગણુ રાજ્ય આપણા જનપદો કરતાં જુદી પ્રણાલિકાએ પોતાનું તંત્ર ચલાવે છે. એના લિચ્છવી અને મલ્લકી વંશી યોદ્ધાઓ સ્વતંત્રતાની હવામાં ઉછરતા હોઇ રાજાશાહીતંત્ર સામે તેમની રાતી આંખ હોય છે. આપણા જનપદોની પ્રજાને તેઓ ગુલામ દશામાં જીવન વીતાવતી માને છે. એમના સ્વામી ચેટકરાજ પોતાના વંશનો એવો ગર્વ ધરાવે છે કે મગધના સ્વામીને તે પોતાનાથી ઉતરતા કુળના લેખી, પોતાની કન્યા દેવામાં હીણુપત ગણે છે. આ તો મંત્રીશ્વર અભયની બુદ્ધિનો ચમત્કાર છે કે એ રાજવીની એક પુત્રી મારા પર મોહિત બની, અને કોઇપણુ હિસાબે અહીં આવી મને પરણી લઇ જવા કહેણુ મોકલ્યું; કારણુ કે તેના બાપની ટેક તે સારી રીતે જાણુતી હતી.

હવે તને સમજાશે કે છૂપી રીતે આવવામાં કેવળ એકાદી પ્રેયસીનું અપહરણુ નથી પણુ એ દ્વારા રાજવી ચેટકના ટેક ઉપર હરતાલ લગાવવાનું અને ગણુરાજ્યને શરમીંદું બનાવવાનું પણુ કાર્ય છે. એની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હદમાંથી સહીસલામત પસાર થઇ જઇએ એટલે ગંગા નાહ્યા. અભયે એ માટે ખાસ તકેદારીની કરી છે. જરા તું નજર કરને કે ચેટકતનયા કોઇ લતામંડપમાં રાહ જોતી બેઠી તો નથી ને ? સંકેતનો સમય તો થઇ ચૂકયો છે !

મહારાજ, 'હાથે કંકણુ ને આરસીની જરૂર ન હોય.' તેમ લતામંડપ સુધી જવાની જરૂર જ નથી. જુઓ સામેથી બે રમણીઓ ગજગામિની ચાલે આવી રહી છે. ઉભયના ચહેરામાં એટલું બધું મળતાપણું વિધાતાએ ગોઠવ્યું છે કે ઓળખવામાં ભૂલથાપ થઈ જાય. એમાં આપની પ્રેયસીને આપ જ પિછાની લ્યો. આપ જલ્દીથી કાર્ય પતાવશો. હું સુરંગના નાકે બધી તૈયારી કરી રાખું છું કે જેથી વધુ વિલંબ ન થાય.

પેલું રમણીયુગલ આવીને મહારાજ સાથે વાર્તાલાપ શરૂ કરે તે પૂર્વે વાર્તાના અનુસંધાનના કેટલાક અંકોડા જોડી દઇએ. ઉપર આલેખેલ પ્રસંગથી એટલું તો સમજી શકાય તેમ છે કે—

મહારાજ શબ્દથી સંબોધાતી વ્યક્તિ અન્ય કોઇ નહિ પણ મગધના સ્વામી શ્રેણિકભૂપ પોતે છે. સુલસાના બત્રીશ પુત્રો કે જે રાજવીના અંગરક્ષકો છે તેમની સાથે છૂપા માર્ગે તેઓ રાજગૃહીથી નિકળી વૈશાલી નગરીમાં ચેટકરાજના મહાલય સમિપના ખાનગી ઉધાનમાં આવ્યા છે અને બત્રીશમાંના એક વીરપાળ નામના પુત્ર સાથે વાર્તાલાપ કરતાં કોઇ રમણીના આગમનની રાહ જોઇ રહ્યા છે.

ઉભય વચ્ચેના વાર્તાલાપથી એ પણ સમજાઈ જાય છે કે વૈશાલીના સ્વામી ચેટકરાજની પુત્રી સહ પાણિગ્રહણ કરવાની મગધેશ્વર તરફથી પહેલાં માગણી થઈ હશે જે ચેટકરાજે નકારી હશે. આમાં પોતાનું અપમાન લેખી બુદ્ધિનિધાન અભયકુમારને એ કાર્ય પાર ઉતારવા ખાસ ભલામણ કરવામાં આવી. એ મહાઅમાત્યે એવી સીફતથી કામ લીધું કે ચેટકરાજની સુજેષ્ટા નામા પુત્રી શ્રેણિકભૂપ સાથે છેડો ગાંઠવા તૈયાર થઈ. અને એ કાર્ય પાર પાડવાની સર્વ જવાબદારી મંત્રીશ્વરના શીરે નાખી. તેણીએ વચન આપ્યું કે જે દિવસે અપહરણ કરવાનું નક્કી થશે તે દિવસે પોતે ઉધાનમાં હાજર રહેશે. એવી ગુપ્ત રીતે કામ લેવાયું કે એની જરા સરખી ગંધ વૈશાલીના સ્વામી કે કોઇ પ્રજાજનને આવી નહીં. મગધની પાટનગરીમાં પણ થોડા વિશ્વાસુ માણસો સિવાય કોઇને પણ કાને આનો રેવ સરખો નહોતો પડયો.

**अघटितानि घटयति** અને **सुघटितानि जर्जरीकुरुते** આવા વિશેષણવાળા વિધિએ અહીં પણ પોતાનો પ્રભાવ બતાવ્યો. મંત્રીશ્વરની યોજનાને વિફળ તો ન કરી શકાઇ પણ એની મહત્તા પર કાળું ધાબું ચોંટી ગયું અને મરાઠી કહેવત 'ગઢ (સિંહગઢ) આલા પણ સિંહ ગેલા' જેવું થયું. સુજેષ્ટાને બદલે ચેલણાને લઈ રાજવીને ભાગવું પડયું ! આ કેમ બન્યું તે જોઇએ.

ધીમી ચાલે આવતી બે રમણીને જોઈ તેમાં એક સુજયેષ્ટા હતી અને બીજી તેની ન્હાની બ્હેન ચેલણા હતી, અને તે દરેકને ધર્મ, નીતિ અને વ્યવહારના એટલા તો સુંદર સંસ્કાર તેમની માતુશ્રી તરફથી મળેલાં હતા કે એ દરેક પોતાનું શ્રેય સારી રીતે સમજી શકતી હતી. આચારવિચારમાં દક્ષ હતી અને સતીના શ્રેષ્ઠ બિરુદને **ભગવંત શ્રી મહાવીર દેવ**ના મુખેથી પામી હતી. જે સમયની વાત થાય છે એ વેળા એમાંની પાંચે પોતાની પસંદગી મુજબના સ્વામીની પસંદગી કરી લીધી હતી અને પાણિગ્રહણ વિધિથી જોડાઇ, શ્વસુરગૃહે સિધાવી ગઇ હતી. સુજયેષ્ટા અને ચેલણાકુમારી હોઈ, ઘણુંખરૂં સાથે જ દૈનિક કાર્યક્રમ બજાવતી હતી. ઉભય વચ્ચે એથી ગાઢ સ્નેહ સંધાયો હતો. આમ છતાં સુજયેષ્ટાએ પોતાના પ્રેમસંબંધની વાત ચેલણાના કાને જવા દીધી નહોતી.

પણ સુજયેષ્ટાની આજની હીલચાલ જોતાં દક્ષ એવી ચેલણાને કંઇક ગંધ આવી હોવાથી, પ્રાતઃ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળથી એ સુજ્યેષ્ટાનો પલ્લો છોડતી નહોતી. સુજ્યેષ્ટાએ એમાંથી છૂટવાના અનેક નિમિત્તો ઊભા કર્યાં, પણ એ સર્વ નિષ્ફળ ગયા. નાછૂટકે મેળાપની ઘડી આવી ચૂકી એટલે ચેલણાને સાથમાં લઇ ઉદ્યાનમાં આવી. શ્રેણિકરાજ પાસે આવી આંખનો ઇશારો કરી, 'આ પોતાની નાની બ્હેન છે' એવું ઓળખાણ પણ કરાવ્યું. રાજવીએ તો ચિત્ર જોયું હતું. ઉભયના નામ જાણવાનો યોગ સાંપડ્યો નહોતો. આ બાજુ સુજ્યેષ્ટાને ચેલણાને અંધારામાં રાખી ભાગવાનું હતું, પણ એ છૂટી પડતી નહોતી. વળી વખત વીતતો હતો એટલે તેણીએ મ્હોટેથી કહ્યું—

અરર, મારા આભૂષણનો દાબડો તો ઝુલા ઉપર જ રહી ગયો. જા તો બ્હેન, જલ્દી જઇ એ લઈ આવ.

મોટી બ્હેન, મને એ જડશે નહીં. તું જાતે જ લઇ આવને.

પોતાનો દાવ નિષ્ફળ ગયેલો જોઇ, સુજ્યેષ્ટાને જાતે જ પાછું ફરવું પડ્યું. જતાં જતાં એ કહેતી ગઇ કે હું જલ્દી લઇ આવું છું.

વીરપાળ કે જે સુરંગના નાકે રાજવીની વાટ જોઈ રહ્યો હતો તે ઘડીઓ વીતી જતી જોઇ અટવાયો. મંત્રીશ્વર તરફથી તેને ખાનગી સૂચન કરાયેલ કે દુશ્મનના સ્થાનમાં ઝાઝો સમય રોકાવું નહીં. જરૂર પડયે ત્હારે જઈ મહારાજને એ વાતની યાદ આપવી. એ ફરજ બજાવવા આવેલ એણે પાછી ફરતી રમણીના છેલ્લા શબ્દો સાંભળ્યા. એના મનમાં શંકા ઉદ્દભવી કે કદાચ આમાં સપડાવાનું કાવત્રું કાં ન હોય. એણે રાજવીને વિનંતી કરી કે– મહારાજ ! રથ તૈયાર છે. તમો ઉભય એમાં વિરાજો. હું પાછળ આવી પહોંચું છું.

આ વાતનો મૌનપણે સ્વીકાર કરી રાજવી અને ચેલણા સુરંગના નાકે આવી તૈયાર રથમાં બેસી ગયા. પૂર્વના સંકેત અનુસાર સારથિએ અશ્વોને હાંકી મૂકયા. તરત જ એની પાછળ બત્રીશે સંરક્ષકોએ પોતાના રથના અશ્વો છોડી મૂકયા.

સુજ્યેષ્ટા દાબડો લઇ આવી ત્યારે સુરંગ માર્ગે દોડી રહેલ છેલ્લા રથની ધજા જોઇ. એકાએક એના હૃદયમાં આઘાત થયો. 'રાજવીએ પ્રીત પર કુહાડો માર્યો અને બેનડીએ શોકયવૃત્તિ કેળવી ' એમ તેણીના મનમાં સચોટ બેસી ગયું. આ રીતે છેતરનાર ઉભય ઉપર વેર લેવાના મીષે તેણી એકદમ પોકારી ઉઠી—

સૈનિકો દોડો, આ તરફ આવો. બ્હેન ચેલણાનું મગધેશ્વર હરણ કરી જાય છે.

જોતજોતામાં આ સમાચાર સારાયે પ્રદેશમાં પથરાઇ ગયા અને શૂરા સૈનિકો પોતાના શસ્ત્રો લઈ દોડી આવ્યા. દોડતા સંરક્ષકો પાછળ તીરો છૂટવા લાગ્યા, એના ઘાથી છેલ્લો રથિક ઘવાયો. એ સાથે આગળ વધવાનો માર્ગ પણ રોકાઇ ગયો. સુરંગના સાંકડા માર્ગમાંથી એ રથ ખસેડી બહાર કાઢ્યા વગર આગળ વધાય તેમ હતું જ નહીં. ચેટકરાજ આવી પહોંચ્યા હતા અને કામ પૂરા જોરથી ચાલતું હતું કે જેથી માર્ગ સાફ કરી શત્રુની પુંઠ પકડી શકાય.

ગણતંત્રના લડવૈયાઓ, પોતાની આંખ સામેથી આ રીતે ખુદ પોતાના સ્વામીની લાડીલી તનુજાને મગધેશ્વર લઈ જાય, એ પ્રાણના ભોગે પણ થવા દે તેમ નહોતું. હાથોહાથની લડાઇ હોત તો વિજયશ્રી તેમના ગળામાં જ વરમાળા પહેરાવતે.

પણ જ્ઞાની ભગવંતોએ, કર્મરાજના વિચિત્ર વલણના જે વર્ણન કર્યાં છે તે અક્ષરશઃ સાચા છે. એ વિધાતાએ અહીં જે ભાગ ભજવ્યો, એ એક રીતે ખતરનાક હતો છતાં, શ્રેણિકરાજ માટે તો લાભદાયી નિવડ્યો, તેમનું ભાગ્ય જોર કરતું હતું અને ચેલણા સાથેનો સંબંધ તેમના જીવનમાં કોઈ અનેરું પરિવર્તન આણનાર હતો. વિધિના એ લેખ ખોટા કેમ થાય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણના અંગની એક અપૂર્વ ક્રિયા

લેખક-મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

મહાપ્રભાવિક પર્યુષણ પર્વમાં કરવાના ૧૧ કાર્યો પૈકી એક કાર્ય એવું અપૂર્વ છે કે જે કાર્યને પૂર્ણસ્વરૂપમાં કોઇપણ દર્શને અવલોકયું નથી. જૈનદર્શન શ્રાવક-સાધુઓ વિગેરે : ચતુર્વિધસંઘને નિત્ય કરણી તરીકે કરાતી આવશ્યક ક્રિયામાં કહે છે કે :-

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ति मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥**

'હું સર્વ જીવને ખમાવું છું, સર્વ જીવ મારા કરેલા અપરાધો ખમો, મને તેની ક્ષમા કરો, મારે સર્વ ભૂતો (પ્રાણીઓ) સાથે મિત્રાઇ છે, કોઇ પણ જીવ સાથે મારે વૈરભાવ (શત્રુતા) નથી.

આ ગાથાના ચારે પાદમાં ચાર પ્રકારની જુદી જુદી ભાવના સમાવી છે. પહેલા પાદમાં પોતા પ્રત્યે થએલા નાના-મોટા સર્વ જીવના સર્વ અપરાધો પોતે ખમે છે, માફ કરે છે-તેની ક્ષમા આપે છે. બીજા પાદમાં પોતાથી થયેલા સર્વ અપરાધોની સર્વ જીવો પાસે ક્ષમા માગે છે. ત્રીજા પાદમાં સર્વ જીવો સાથે મૈત્રીભાવ સૂચવે છે અને તેના જ ફળ તરીકે ચોથા પાદમાં મારે કોઇ પણ જીવ સાથે વૈરભાવ કે શત્રુતા નથી એમ કહે છે.

આવા પ્રકારની ભાવના માત્ર શબ્દરૂપે નહી પરંતુ અંતઃકરણના નિર્મળ ભાવરૂપે જો પરિણામ પામે તો કર્મબંધ કેટલો અટકી જાય ? અને એવી ભાવના પોતાને જૈન તરીકે ઓળખાવતા સર્વ જીવોની થાય અથવા અનેક મનુષ્યો તેવી ભાવનાવાળા થાય તો અનેક ગામોમાં ને શહેરોમાં થતા ને થયેલા ક્લેશો કેટલા શમી જાય ? આવી ભાવના આત્માને પરમહિતકારી છે. તેની ખાસ આવશ્યક્તા છે, આવી

---

લિચ્છવીઓના શરથી વિંધાયેલ સંરક્ષકને મહા-મહેનતે સુરંગના સાંકડા માર્ગમાંથી બહાર આણવામાં આવ્યા ત્યારે સૌની અજાયબી વચ્ચે જાણવામાં આવ્યું કે આથી કામ સિદ્ધ થાય તેમ નથી. આવા બીજા એકત્રીસ રથોને બહાર આણ્યા સિવાય શત્રુનો પીછો પકડી શકાય તેમ નથી. તીરનો ઘા તો છેલ્લા રથ પર કરાયો હતો છતાં, દરેક રથનો સંરક્ષક મૃત્યુ પામેલો હતો ! આ શાથી બન્યું એ કોયડો અણઉકેલ્યો જ રહ્યો !

શાણા સચિવે આગળ વધી ચેટકરાજને વિનંતી કરી કે-ભાવિભાવને માન આપી, હવે વેર લેવાની વૃત્તિ ત્યજી દ્યો. દીકરી ચેલ્લણાની ઇચ્છા હશે તો જ આમ બન્યું હશે. 'મીયાં બીબી રાજી, તો કયા કરે મીયાં કાજી.' હોણહાર મિથ્યા થતું નથી એ જ્ઞાની વચન અવધારી સંતોષ પકડો.

આપણે પણ સુલસાને કહેવાયેલા દેવના શબ્દો યાદ કરીએ. જન્મ એક સાથે એ જેમ હર્ષનો વિષય ગણાય, તેમ વિષાદ પણ સાથે જ થશે. મરણ પણ એક સાથે જ થયું. એ દુઃખ કેવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાને અંગે બીજા પણ અનેક પ્રકારનાં કર્મબંધનાં કારણો અટકી જાય છે.

શ્રી પુન્ય-પ્રકાશના સ્તવનમાં તેના કર્તા શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે કે-**જીવ સવે ખમાવીએ, સા૦ યોનિ ચોરાશી લાખ તો.** આગળ કહે છે કે-**સજજન કુટુંબ કરો ખામણા-સા૦-એ જિનશાસન રીત તો.** શ્રી આરાધના-પયન્નામાં પણ આ ભાવ જ સૂચવ્યો છે. જૈન શાસનની આ પ્રવૃત્તિ દરરોજને માટે બે ટંક પ્રતિક્રમણ કરવામાં ખાસ દાખલ કરી છે. કદી આ પ્રવૃત્તિને દરરોજ અમલમાં મૂકી ન શકાય તો શ્રી પર્યુષણપર્વમાં તો જરૂર તેનો અમલ કરવાનો છે. સંવત્સરી પ્રતિક્રમણમાં માત્ર શબ્દથી '**સર્વ સંઘને મિચ્છામિ દુક્કડં**' કહેવાથી કે બોલવાથી આ પરમહિતકારી કાર્યની સિદ્ધિ થતી નથી. પરંતુ પ્રતિક્રમણ કર્યા અગાઉ જેની સાથે અપ્રીતિ કે અભાવનું કારણ આખા વર્ષમાં બન્યું હોય તેની સમીપે જઇને તેને ખમાવવા જોઇએ. અને પરગામ રહેલા કોઇ બંધુ સાથે તેવો ભાવ પ્રગટયો હોય તો તે પત્રદ્વારા ખમાવવો જોઇએ. તેમાં પ્રમાદ કરવો ન ઘટે.

આ ક્ષમાપના માત્ર જૈન બંધુઓ સાથે જ કરવાની નથી. પરંતુ સર્વ જીવો પ્રત્યે કરવાની છે તેથી જૈનેતર પાસે જઇને પણ યોગ્ય શબ્દોમાં તેની માફી માગી આવવી જોઇએ. આ હકીકત ત્યારે જ બને એવી છે કે જ્યારે આ ભવમાં થયેલી શત્રુતા ભવાંતરમાં પણ પરસ્પર દ્વેષના કારણપણે પ્રગટ થશે અને તે વખતે પરસ્પરને અજ્ઞાતપણે પણ અનેક પ્રકારના દુઃખ આપનારા થશું અને તેને પરિણામે અપરિમિત કર્મબંધ કરી અનેક ભવોમાં રખડશું એવી ખાત્રી હોય. આ સંબંધમાં જૈન શાસ્ત્રોના કથાનુયોગમાં અનેક દૃષ્ટાંતો આપેલાં છે તે સાંભળતાં છતાં પણ જો આપણને કર્મબંધનો કે ભવભ્રમણનો ભય ન લાગે તો પછી સમજવું કે હજુ આપણે સંસારપરિભ્રમણ સવિશેષે કરવાનું છે.

એકપક્ષી દ્વેષ પણ સમરાદિત્યના જીવને અનેક ભવમાં સર્વ પ્રકારના સંબંધી થઇને દુઃખ આપનાર-પ્રાણ લેનાર નીવડેલ છે, તો પછી બેપક્ષી દ્વેષનું પરિણામ શું ફળ આપે ? તે વિચારશો.

અત્યારના જડવાદનો વિસ્તાર પામેલા જમાનામાં આપણે જોઇ શકીએ છીએ કે પરસ્પરના દ્વેષને પરિણામે સંખ્યાબંધ મનુષ્યોનો પ્રાણ વિનાશ થઈ રહ્યો છે. જ્યાં પાપનો કે પરભવનો ભય નથી, એવા નાસ્તિકવાદ પૂર્ણ સ્થાનમાં આવા બનાવો બને તેમાં આશ્ચર્ય નથી. આપણે તો શ્રી બૃહત્શાન્તિમાં પ્રાંતે કહેલી ગાથા વારંવાર સંભારવાની છે :-

**शिवमस्तु सर्वजगतः,**
**परहितनिरता भवंतु भूतगणाः ॥**
**दोषाः प्रयान्तु नाशं,**
**सर्वत्र सुखी भवंतु लोकाः ॥ १ ॥**

અર્થ સ્પષ્ટ જ છે. આવી ભાવના જાગૃત રહે એમ ઇચ્છો આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે. પર્યુષણના અંગની આ એક અપૂર્વ ક્રિયા સમજવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-કૌશલ્ય

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## Character

## ચારિત્રનું મૂલ્ય

**આબરૂ કરતાં ચારિત્રનું મૂલ્યાંકન વધારે કરવું, એ ઘણું મુશ્કેલ છે, છતાં ખૂબ હિતકારક છે.**

દરેક માણસની અમુક આબરૂ હોય છે અને તેને જાળવવા માટે તે તનતોડ મહેનત કરે છે. કોઈની આબરૂ સત્યવાદી પ્રમાણિક મનુષ્ય તરીકે હોય છે, અને કોઈની આબરૂ નાટક કે સીનેમા જોનાર તરીકે હોય છે. દરેક મનુષ્યની એ રીતે જોતાં કાંઈ કાંઈ નામના હોય છે અને તેને જાળવી રાખવા તે એક સરખી મહેનત કરે છે, પણ તે વખતે તેના ધ્યાનમાં રહેતું નથી. આ જીવનમાં કોઇક ચીજ આબરૂ કે નામના કરતાં પણ વધારે ઉપયોગી છે. આ તો સામાન્ય વાત થઇ પણ એ ખૂબ મનન કરવા યોગ્ય છે. અને એ બરાબર સમજી જવાય તો ધર્મી મનુષ્યને આ ભવસમુદ્ર સીધો, સરળ અને સાદો બની જાય છે. એ રીતે ગમે તેમ કરીને પ્રાણી પોતાનો સંસાર વધારી ઘટાડી શકે છે એટલી વાત સિદ્ધ દેખાય છે. જીવનમાં અમુક આબરૂ બંધાણી હોય એટલા માટે એની ખાતર પ્રાણી ગમે તે કરે છે અને પ્રાણીને પોતાનો ગમે તે કર્મબંધ કરવો તે તેના હાથમાં જ છે. સારા માણસો સારો કર્મબંધ કરે એ પણ અનિવાર્ય છે અને આબરૂદાર માણસો સારા હોય છે અથવા બીજાનો દાખલો જોઇને તેવા થઈ જાય છે અને એ રીતે જેણે નામના કરેલી હોય તે પ્રમાણે તેની આબરૂ જરૂર બંધાય છે. આવો જીવનક્રમ છે. અને એમાં કાંઈ ખોટું નથી. વિચારમાં નાખી દે તેવી બાબત તો **તદ્દન જુદી છે અને તે વર્તન અથવા ચારિત્રની છે.** માણસની આબરૂ વધે કે ચારિત્ર વધે એ એક અતિ ગૂઢ સવાલ છે અને ખૂબ વિચારણા માગે છે. એવા એવા પ્રસંગો જીવનમાં આવે છે તે વખતે જ તેની ગણના થાય છે. એનો દાખલો જોઇએ તો જણાશે કે માણસે આબરૂ કરતાં વર્તન-ચારિત્રનું મૂલ્ય બરાબર મૂલવવું જોઇએ. એના સમર્થનમાં ભાગ્યે જ કાંઈ કહેવાની જરૂર હોય એમ લાગે છે, છતાં આબરૂ કરતાં ચારિત્રની કિંમત વધારે કરે એ ઇચ્છવા યોગ્ય છે. જો કે એમ કરવું એ મુશ્કેલ લાગે છે. ચારિત્રની કિંમત બરાબર આંકવી એ મુશ્કેલ હોવા છતાં જરૂરી છે. એમ કરવામાં પાછા પડે તે અંતે પસ્તાય છે, પણ તે પસ્તાવો એટલો મોડો થાય છે કે વર્તનમાં એ સુધરી શકતો નથી અને ખાલી હેરાન થાય છે, અથવા તો એ આબરૂ અને વર્તન વચ્ચે ગોટાળો કરી મૂકી એ પોતાની આબરૂ ગમે તે રીતે જાળવી રાખવી એ વાતને મહત્ત્વ આપે છે. તે વખતે તેને ભાન રહેતું નથી કે આબરૂ તો ખરાબ બાબતમાં પણ હોઈ શકે છે. આ રીતે આબરૂ અને વર્તન વચ્ચે ગોટાળો થઈ જાય તો ભારે ગોટાળો થઈ જાય છે અને મુશ્કેલીમાં વધારો થાય છે. પણ વર્તનનો એટલે ચારિત્રનો વિજય અંતે થાય થાય છે એ બાબતમાં જરા પણ શક છે નહિ. એનો ભાર અને ભાવ વિચારવા જેવો છે.

No. 23 It is sometimes hard *to value character above reputation* but it always pays to do so.

*"Thoughts of the Great"*

For Private And Personal Use Only

# Facing Adversity

## આફતનો સામનો

**આફત સામે હસતે મ્હોંએ જાવું, એ મુશ્કેલ છતાં હિતકારક છે.**

મનુષ્ય જીવનમાં આફત તો જરૂર આવે. આખા સંસારનું બંધારણ વિચારતાં એક સરખી બાબત કોઇની ચાલતી નથી, તેમ જોવામાં આવ્યું છે. એટલે એક અથવા બીજા આકારમાં આફત જરૂર આવે એ ચોક્કસ અને અનિવાર્ય બાબત છે. પ્રાણીની ઇચ્છા હોય કે ન હોય. એને આફત જરૂર આવવાની છે, એને માટે સદા સર્વદા તૈયાર રહેવાની જરૂર છે, અને આ દુનિયામાં આપત્તિ ન હોય તો સંપત્તિની કિંમત પણ નથી. સંપત્તિના સાચા મૂલ્ય કરાવનાર તરીકે આફત છે એમ લાગવું જોઇએ. અને એવા પ્રકારના સંસારના બંધારણને આપણે એટલા બધા ટેવાઇ ગયેલા છીએ કે એ પ્રકારની સ્થિતિ જ છે અને તેને ટાળવી કે અન્યથા કરવી મુશ્કેલ છે એમ જાણવા છતાં જ્યારે જ્યારે આપત્તિ આવી પડે ત્યારે આપણે રડવા બેસી જઇએ છીએ એ અયોગ્ય, અનુચિત અને આપણને ઠરી ઠામ બેસવા ન દે તે પ્રકારની સ્થિતિ છે અને તેનો સામનો કરવા માટે આપણે તૈયાર રહેવાની જરૂર છે એવું સંપત્તિમાં ઊછરેલાને લાગતું પણ નથી એ ખરા ખેદનો વિષય છે, પણ અનિવાર્ય હોઇ એ વિચારણા માગે છે. આપણે આફતને પ્રથમ તો અનિવાર્ય તરીકે સ્વીકારવી જોઇએ અને સંપત્તિને મૂલ્યવાળી કરનાર તરીકે ગણાવી જોઇએ કારણ કે સંપત્તિની કિંમતનો આધાર આપત્તિ ઉપર જ રહે છે. આફતને હસતે મુખડે ચલાવી લેવી એ વધારે મુશ્કેલ બાબત છે, એને મળવા જવું એ શૂરવીરનું કામ છે અને મન ઉપર ભારે સંયમ માગે છે, મન પર સંયમ તો શૂરવીરતાનું એક લક્ષણ જ હોઈ એના પર વિવેચન કરવાનું ભાગ્યે જ હોઈ શકે એમ લાગે છે, પણ શૂરવીરતાનું આવા પ્રકારનું લક્ષણ હોય એ ભારે વિવેચન માગે છે. એટલા માટે અહીં જણાવવું જોઇએ કે શૂરવીર માણસો હોય તે જ આફત સહન કરી શકે છે. આફત સહન કરવામાં શૂરવીરતા જોઇએ એ વાત કદાચ પ્રથમ દર્શને વિચિત્ર લાગે તો જણાવવાની જરૂર છે કે બહાદૂર અને બહુબોલા બટકબોલા જ માણસો જ શૂરવીર હોઇ શકે છે. અને ધ્યાન એ યોગનું અંગ હોવાથી જ્યારે જ્યારે યોગમાં પ્રવેશ કરવો હોય ત્યારે ત્યારે શૂરવીરતા હોવી જોઇએ અને શૂરા માણસો જ એ કાર્ય કરી શકે. અને બહાદૂર માણસો જ શૂરવીર હોઈ શકે છે એ તો જાણીતી વાત છે, એ રીતે વિચાર કરી આફત વખતે જરા પણ મોળા ન પડતાં એ આફતને પણ હસી નાખવી જોઇએ. પૈસાની કે બીજી કોઈ પણ આફત આવી પડે ત્યારે તેને પણ હસી નાખતા આવડવું જોઇએ એમ આ સૂત્રનું કહેવું છે અને તે અનુભવસિદ્ધ હોઈ ખૂબ વિચારણા માગે છે. જો કે આફતને પણ હસી કાઢવી એ મુશ્કેલ બાબત છે, પણ એ ટાળી ન શકાય એવી ચીજ છે, આ વાત ખૂબ ધ્યાનમાં રાખવા જેવી છે અને માણસાઈના મૂલ્ય કરાવનાર ચીજને હસી કાઢવા જેવી નથી.

No. 22 It is hard *to smile in the face of adversity* but it always pays.

*"Thoughts of the Great"*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી ( શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજકૃત

# સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

## —: નવમી ધ્વજ પૂજાના દુહા :—

પંચ વરણ ધ્વજ સોહતી ઘુઘરીનો ઘમકાર;
હેમ દંડ મન મોહની લઘુ પતાકા સાર......(૧)

રણઝણ કરતી નાચતી શોભીત જિનહર શૃંગ.
લહકે પવન, ઝકોરસે બાજત નાદ અભંગ......(૨)

ઇંદ્રાણી મસ્તક થઇ કરે પ્રદક્ષિણા સાર.
સધવા તિમ વિધિ સાચવે પાપ નિવારણહાર......(૩)

**અર્થ**:-હવે નવમી ધ્વજ **પૂજાની** વિધિ દર્શાવે છે, તે આ પ્રમાણે સમજવી-ઘુઘરીઓ ઝમકારપૂર્વક સોનાના દંડ યુક્ત અને નાની નાની ધજા સહિત " રણઝણ કરતી " પવનથી ફરકતી, મનને મોહ પમાડતી અને અનેક વાજિંત્રના નાદ સાથે એક મોટી ધ્વજા પંચ વર્ણ યુક્ત શોભાને પામતી તૈયાર કરવી. પછી ઇંદ્રાણી મસ્તક ઉપર ધારણ કરે. જિનમંદિરમાં ત્રણ પ્રદક્ષિણા આપે. ત્યારપછી સુવિહિત મુનિપુંગવો પાસે નિરવદ્ય ચૂર્ણાદિકે પૂજા કરાવી શ્લોકોપૂર્વક વિધિ કરવી. બાદ જિનમંદિરના શિખર ઉપર ચઢાવે-આ વિધિ દેવ સંબંધી જાણવો. પરન્તુ મનુષ્ય લોકમાં ઉપર પ્રમાણે વિધિ સાચવી " સધવા " સ્ત્રી મસ્તક પર ધારણ કરી, આ પૂજાનો ધર્મ વ્યવહાર બરાબર સાચવે. આ નવમી ધ્વજપૂજા પાપોની નિવારણ કરનારી થાય છે........

### ઢાળ નવમી

( રાગ-ઠુમરી, ઝીંઝોટીની તાલ, પંજાબી ઠેકો-આઇ ઇન્દ્રનાર—એ દેશી. )

**" આઇ સુંદર નાર " " કરકર સિંગાર " કહી ચૈત્યદ્વાર મન મોદધાર**
**પ્રભુ ગુણ વિચાર અઘ સબ ક્ષય કીધો......આઇ૦.....(૧).........**

**જોજન ઉત્તંગ અતિ સહસચંગ ગઇ ગગન લંઘ ભવિ હરખ સંગ.**
**જબ જન ઉત્તંગ પદ છિનકમેં લીનો......આઇ૦.......(૨).........**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" જિમ ધ્વજ ઉત્તંગ " તિમ પદ અભંગ, જિન ભક્તિરંગ ભવિ મુક્તિમંગ;
ચિન ઘન આનંદ સમતારસભીનો.......આઇ૦......(૩)........

અબ તાર નાથ મુજ કર સનાથ-તજ્યો કુગુરુ સાથ- મુજ પકડ હાથ:
દીનો કે નાથ જિનવચનરસ પીનો.......આઇ૦.......(૪)...........

આતમ આનંદતુમ ચરણવંદ સબ કટલ ફંદ, ભયો શિશિર ચંદ;
" જિનપઠિત છંદ ધ્વજ પૂજન કીનો.......આઇ૦....... (૫).........

**અર્થ**:—હવે ધ્વજ પૂજાનો વિસ્તૃત અર્થ સમજાવે છે, તે આ પ્રમાણે—એક સુંદર નારી સોળ શણગાર સજીને આવે છે. પછી ચૈત્યના દરવાજા બહાર ધ્વજ મુકાવે છે. મનમાં હર્ષ ધારણ કરે છે. જિનેશ્વર પ્રભુના ગુણો વિચારે છે. આ વખતે જાણે ધ્વજના પૂજકોએ પાપસમૂહનો ક્ષય કર્યો હોય એવો દેખાવ થાય છે. દ્રવ્ય તથા ભાવથી પાપ નષ્ટ થાય છે. આ ધ્વજ ઊંચાઇમાં એક હજાર યોજન હોય એવો જણાય છે. સર્વ ભવ્ય સંઘને હર્ષ પમાડનારો હોય છે. અતિ મનોહર હોય છે. આકાશમંડલનું જાણે ઉલ્લંઘન કરતો હોય એવો જણાય છે. વળી આ ધ્વજે જાણે એક ક્ષણવારમાં જગતને વિષે ઉત્તમ પદ લઇ લીધું હોય એમ જણાવતો હોય તેવો ધ્વજ દેખાય છે. વળી જેવો આ ધ્વજ ઉત્તંગ છે તેવું સ્થાન પણ અભંગ પ્રાપ્ત કર્યું છે. આ વખતે પૂજકે જિનભક્તિનો રંગ પૂરેપૂરો મેળવ્યો છે. આ પૂજા કરતાં ભવ્ય જીવે મુક્તિપદ માંગ્યું છે. " અને આ ભવ્ય પૂજક " તે વખતે આત્માના જ્ઞાન ગુણ-રૂપ આનંદથી ઝરતા એવા સમતારસમાં ડૂબી જાય છે. હવે આ ધ્વજપૂજાનો પૂજક પ્રભુ પાસે એક સુંદર માંગણી કરે છે. હે નાથ ! મને સંસાર–સમુદ્રમાંથી તારો. મને સનાથ બનાવો. મેં કુદેવ કુગુરુનો સાથ તજ્યો છે. હવે મારો હાથ પકડી સંસારસમુદ્રથકી ઉદ્ધરો–આપ દીનોના નાથ છો. હે પ્રભુ ! જિન-વચનરૂપી રસનું પાન કરી હું પુષ્ટ થયો છું. એવા કર્તાપુરુષના ઉદ્દગારો છે. તેમજ આ પૂજાના રસિક ભવ્યાત્માઓના પણ ઉદ્દગારો સમજવા. હવે છેવટે આ પૂજાના રચનાર **શ્રી આત્મારામજી મહારાજ** કહે છે તે કહેવાય છે. " મારો આત્મારૂપ આનંદ " તમારા ચરણમાં વંદન કરે છે. વંદનથી સર્વ પ્રકાર-ના કર્મરૂપી ફંદ ( ચેષ્ટાઓ ) કટ કરી નાંખી છે અર્થાત્ કાપી નાખી છે. હવે હું કર્મરૂપી તાપથી રહિત છું. શિશિર ઋતુના ચંદ્રમા જેવો શીતળ બની ગયો છું, મેં ધ્વજપૂજા વખતે ક્રિયાવિધિમાં આવતા એવા સુંદર શ્લોકો–છંદો–ગીતો ગાયા છે. એવી રીતે ધ્વજપૂજન મેં કર્યું છે. પૂર્વોક્ત કહ્યા પ્રમાણે નિરવદ્ય અચિત્ત એવા વાસક્ષેપથી દ્રવ્યપૂજા કરી છે. અને ભાવપૂજાને આત્માના સ્વભાવિક ગુણો-રૂપ ભાવધ્વજ બનાવી કરી છે. કારણ કે પ્રતિષ્ઠા-ધ્વજપૂજન-અંજનશલાકા વિગેરે મહોત્સવોમાં સાધુઓ અચિત્તવાસ ચૂર્ણોથી પૂજા કરે છે. એવો આમ્નાય બહુશ્રુતોને સંમત છે, આ પૂજામાં આત્મા-રામજી ( અથવા આનંદસૂરિ ) એવું બે અર્થવાળુ નામ પણ પ્રદર્શિત કર્યું હોય એવું સમજાય છે. આ પ્રમાણે નવમી ઢાળ અર્થ યુક્ત પૂર્ણ થઈ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગસ્થ શ્રી જુઠાભાઇ સાકરચંદ વોરા

ભાવનગરે જૈન સંઘના પ્રમુખ શ્રીયુત જુઠાભાઈ સાકરચંદ વોરાના ૮૪ વરસની વયે શ્રાવણ શુદિ ૧૫ શનિવારે થયેલ અવસાનની નોંધ લેતા અમો દિલગીરી વ્યકત કરીએ છીએ.

આ સભાના તેઓશ્રી આજીવન સભ્ય હતા. એટલું જ નહિં પરંતુ સભાના આરંભકાળમાં સભાને પગભર કરવામાં અને મુસ્કેલીના સમયે તેનો સામનો કરવામાં તેઓશ્રીએ વીરત્વભર્યો જે નીડર ભોગ આપ્યો છે તે સભાના ઇતિહાસમાં ગૌરવભર્યા શબ્દોમાં સદા અંકિત રહેશે.

તેઓશ્રીનું જાહેર જીવન મૂળથી જ પ્રતિભાશાળી અને એટલું જ વીરત્વભર્યું હતું.

યુવક વર્ગના નેતા તરીકે તેઓશ્રીના જાહેરજીવનની શરૂઆત થઈ. નીડરતાથી તેઓ સામાજિક અને ધાર્મિક પ્રશ્ન હાથ ધરતા અને મક્કમપણે તેઓ તે માટે ઝઝૂમતા અને તે કાર્ય પાર પાડતા.

જૈન પ્રબોધક સભા, જૈન આત્માનંદ સભા, જૈન યુવક મંડળ આદિ સંસ્થામાં તેઓશ્રીએ પ્રાણ પૂર્યા હતા.

જૈન સંઘના સેક્રેટરી તરીકેની તેઓશ્રીની સેવા એટલી જ નોંધપાત્ર હતી, ભાવનગરના ગૌરવને છાજે તે રીતે વરસો સુધી એકલા હાથે બાહોશીથી જૈન સંઘનો વહીવટ તેઓશ્રીએ ચલાવ્યો, દીર્ઘદૃષ્ટિ અને નીડરતાથી સંઘના ઘણા પ્રશ્નો ઉકેલ્યા, પોતાની પ્રતિભાસંપન્ન કાર્યદક્ષતા અને નીડરતાથી ભાવનગર સંઘનું ગૌરવ વધાર્યું.

સંઘની એકવાકયતા હંમેશા જળવાઇ રહે અને ભાવનગર સંઘનું ગૌરવ એટલું જ પ્રતિભાસંપન્ન રહે તે માટે તેઓશ્રી સતત કાળજી રાખતા. છેલ્લા છેલ્લા પોતાનું શરીર અટકયું હોવા છતાં સંઘનું બંધારણ ઘડવામાં અને સંઘના વ્યવસ્થિત કાર્ય–રચના યોજવામાં તેઓશ્રીએ સુંદર ભોગ આપ્યો હતો. આજે સંઘની એકવાકયતા જળવાઇ રહેલ છે અને સંઘનું કાર્ય વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે તેમાં તેઓશ્રીનું વ્યક્તિત્વ અનોખું જ કાર્ય કરી રહેલ.

સૌરાષ્ટ્રના જ નહિ પરંતુ ભારતભરના જૈન સંઘમાં ભાવનગરનો જૈન સંઘ કોઇ અનેરું વ્યક્તિત્વ ધરાવતું આવેલ છે અને ભાવનગરને શોભાવે તેવા ચમકતા–દીર્ઘદર્શી-કાર્યકરો તેને સાંપડતા આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ભાવનગરને આવા પ્રતિભાશાળી કાર્યકરોની ખોટ પડતી આવેલ છે અને એક વખત ગુમાવેલ નરરત્નનું કોઈ નવી વ્યક્તિ સ્થાન લેતી નથી શ્રીયુત જુઠાભાઈ આવા પ્રતિભાશાળી રહ્યા–સહ્યા નરરત્ન હતા. અનોખું જ વ્યક્તિત્વ નોંધાવતો તેઓશ્રીનો પ્રચંડ દેહ. પ્રતિભાશાળી મુખમુદ્રા અને ધીર–ગંભીર અડોલ કાર્યશૈલીથી તેઓ અનોખી જ પ્રભા પાથરતા. તેઓશ્રીના અવસાનથી ભાવનગર સંઘને કદી ન પુરાય તેવા એક નીડર કાર્યકર પુરુષની ખોટ પડી છે. ભાવનગરને મન 'સિંહ સૂતો'ના જેવું થઈ ગયું છે.

એક પ્રજાજન તરીકે પણ તેઓશ્રી એટલા જ સુવિખ્યાત હતા, પ્રજાકીય કટોકટીના સમયે તેઓશ્રીએ એ કટોકટી સામે જીવના જોખમે ઝઝૂમી જનતાને સત્ય અને નીડરતાનો પાઠ શીખવ્યો છે. ભાવનગરની ઘણી જાહેર સંસ્થાઓમાં અને જાહેર પ્રસંગોમાં તેઓશ્રીએ આપેલ સેવા નોંધપાત્ર હતી.

તેઓશ્રીના અવસાનથી સમાજને એક દીર્ઘદર્શી નીડર લબ્ધ–પુરુષની ન પુરાય તેવી ખોટ પડી છે. અને સભાને એક કાર્યદક્ષ સેવાભાવી સભ્યની ખોટ પડી છે, જે બદલ અમો દિલગીરી વ્યકત કરીએ છીએ અને સદ્‌ગતના આત્માની શાન્તિ પ્રાર્થીએ છીએ.

સદ્‌ગતને અંજલી આપવા માટે ભાવનગર જૈન સંઘની જાહેર સભા શેઠ ભોગીલાલ મગનલાલના પ્રમુખપણા નીચે તા. ૧૦–૮–૫૭ શનિવારે રાત્રે દેરાસરવાળા ઉપાશ્રયના હોલમાં મળી હતી, જ્યારે સદ્‌ગતની સેવા અને અજોડ વ્યક્તિત્વ અંગે યોગ્ય વિવેચનો થયા હતા. અને તેઓશ્રીના અવસાન અંગે દિલગીરી વ્યકત કરી યોગ્ય અંજલી અર્પતો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેમ જ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, જૈન આત્માનંદ સભા અને શ્રી યશોવિજયજી ગ્રંથમાલાએ પણ તા. ૧૪-૮–૫૭ ના રોજ જાહેર સભા યોજીને સદ્‌ગતને યોગ્ય અંજલી અર્પી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતન અને મનન

બીજાનો દોષ જોવો સહેલો છે, પણ પોતાનો દોષ જોવો મુશ્કેલ છે. માણસ બીજાના દોષો ભૂસાની પેઠે ઊપણે છે, પણ પોતાના દોષ, શઠ જુગારી બીજા જુગારીથી પોતાનો હારનો દાવ સંતાડે, તેમ સંતાડે છે. —ધમ્મપદ

રાજ્યમાં ફૂટ હોય તો રાજ્ય નાશ પામે, નગરમાં હોય તો નગર, કુટુંબમાં હોય તો કુટુંબ. —ઇશુ ખ્રિસ્ત

ભૂલેલા વેદને બ્રાહ્મણ ફરી ભણી શકે છે; પણ શીલમાંથી ભ્રષ્ટ થયા પછી ઊગરવા વારો નથી.

—તિરુ વલ્લુવર

જ્યાંસુધી મારી પાસે વધારે પડતું ખાવાનું છે અને બીજા કોઇક પાસે જરાયે નથી, જ્યાં સુધી મારી પાસે બે વસ્ત્ર છે ને બીજા કોઇક પાસે એકે નથી ત્યાંસુધી એક નિરંતર ચાલી રહેલા પાપમાં હું ભાગીદાર છું.

—ટૉલ્સ્ટૉય

આખી જિંદગીમાં જે કંઇ કમાશો તે બધી મિલ્કત કરતાં આત્માની શાંતિ અને આનંદ વધારે મૂલ્યવાન છે.

—દીનબંધુ ઍન્ડ્રૂઝ

માણસ દુઃખથી જ ને દુઃખમાં જ મુખ્યત્વે ઘડાય છે. એટલે દુઃખને દુઃખ ન માનતા. —ગાંધીજી

દુઃખ અનુભવી જાણનારને મનની શાંતિ મળે છે.

—જેમ્સ ઍલન

મહાન્ દુઃખોમાં આપણા આત્માને સુવિશાળ કરવાની પ્રચંડ શક્તિ રહેલી છે.

—વિકટર હ્યૂગો

પ્રભુનો જમણો હાથ સૌમ્ય છે; પણ ભયંકર છે એનો ડાબો હાથ.

—કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

દુઃખ એ જીવનમાં અકસ્માત આવી પડેલી વસ્તુ નથી, પણ એ જ જીવનનું કેન્દ્ર છે. દુઃખ અને વેદનામાંથી જ પ્રત્યેક મહાન્ કાર્ય જન્મે છે.

—રાધા કૃષ્ણન

કોઇ પણ જાતની ફરજ પ્રત્યે અનાદરની દૃષ્ટિથી ન જોવું.

—વિવેકાનંદ

સેવાધર્મ કઠણ છે; કાંટાની પથારી પર સૂવા જેવો છે.

—સરદાર વલ્લભભાઈ

ધર્મનો પ્રચાર હૃદયથી જ થાય છે; કાયદાથી નહિ. —વિનોબાજી

વાણી એ વિચારની ભાષા, કળા એ હૃદયની ભાષા, આચાર એ ધાર્મિકતાની એટલે કે જીવનની ભાષા છે. —કાકા કાલેલકર

Reg. N. B. 431 મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ–શ્રી આનંદ પ્રી. પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only